દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં ૨૨ પૈકી ૧૮ બેઠક ભાજપના હિસ્સે

ખંભાળિયા પાલિકામાં ૩૬ પૈકી ૩૦ બેઠક ભાજપને ૫ આપ અને એક અપક્ષના ફાળે

જામ ખંભાળિયા, તા. ૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રતિ ાભરી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મત ગણતરીના અંતે જિલ્લા પંચાયતની કુલ ૨૨ બેઠક પૈકી ૧૮ બેઠક પર ભાજપનો કબજો રહ્યો હતો. જ્યારે કોંગ્રેસને ત્રણ બેઠક તેમજ આમ આદમી પાર્ટીને માત્ર એક બેઠક સાંપળી છે.જિલ્લાની ચાર તાલુકા પંચાયતમાં કુલ ૮૦ પૈકી ૬૧ બેઠક ભાજપને, ૧૧ બેઠક કોંગ્રેસને અને ૮ બેઠક આમ આદમી પાર્ટીને મળી છે.દ્વારકાની તાલુકા પંચાયતની તમામ ૧૬ બેઠક તેમજ ખંભાળિયા અને ભાણવડમાં પણ ભાજપની સ્પષ્ટ બહુમતી વચ્ચે કોંગ્રેસને કલ્યાણપુરમાં બહુમતી સાંપડી છેં ૧૬ બેઠક વાળી દ્વારકા તાલુકા પંચાયતમાં તમામ ૧૬ બેઠક આ વખતે ભાજપે કબજે કરી હતી.ખંભાળિયા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ૩૦ બેઠક મેળવી છે.સલાયામાં આપના ઉમેદવાર પેટાચૂટણીમાં વિજયી થયા છે.

ચાર તાલુકા પંચાયતની ૮૦ પૈકી ૬૧ બેઠક ભાજપને, ૧૧ બેઠક કોંગ્રેસને અને ૮ બેઠક આમ આદમી પાર્ટીને મળી

ખંભાળિયા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ૩૦ બેઠક મેળવી છે જ્યારે આમ આદમી પાર્ટીના ૫ ઉમેદવારો તેમજ એક અપક્ષ ઉમેદવાર પણ વિજેતા બન્યા છે. હાલની પરિસ્થિતિમાં ૩૬ પૈકી ૩૦ બેઠક ભાજપને, પાંચ બેઠક આમ આદમી પાર્ટીને તેમજ એક બેઠક અપક્ષ ઉમેદવારના ફાળે ગઈ છે.સલાયા નગરપાલિકાના એક વોર્ડની પેટા ચૂટણીમાં આમ આદમી પાર્ટીના ગુલામ અબ્દુલ્લા કારા ૧૦૦૫ મત મેળવી વિજેતા થયા છે.

કલ્યાણપુર તાલુકા પંચાયતમાં ૧૧ સભ્યો સાથે કોંગ્રેસનો હાથ ઉપર, ભાજપના ૯ અને આપના ૪ ઉમેદવારો વિજેતા

દ્વારકા જિલ્લા પંચાયતમા ખંભાળિયા તાલુકામાં જિલ્લા પંચાયતની આઠમાંથી આઠ, ભાણવડમાં ચારમાંથી ચાર, દ્વારકામાં ત્રણમાંથી ત્રણ, જ્યારે કલ્યાણપુરમાં સાતમાંથી ત્રણ બેઠક ભાજપને ફાળે જવા પામી છે. કુલ ૨૨ પૈકી ૧૮ બેઠક ભારતીય જનતા પક્ષને, ત્રણ બેઠક કોંગ્રેસને અને એક બેઠક આમ આદમી પક્ષફાળે ગઈ છે.જિલ્લાની ચાર તાલુકા પંચાયતની ચૂંટણીમાં તાલુકા પંચાયતની કુલ ૮૦ પૈકી ૬૧ બેઠક ભાજપને, ૧૧ બેઠક કોંગ્રેસને અને ૮ બેઠક આમ આદમી પાર્ટીને મળી છે.૧૬ બેઠકવાળી દ્વારકા તાલુકા પંચાયતમાં તમામ ૧૬ બેઠક આ વખતે ભાજપે કબજે કરી હતી. ખંભાળિયા તાલુકા પંચાયતમાં ભાજપને ૨૪ પૈકી ૨૨ બેઠક મળી હતી. કાઠી દેવળીયા અને વાડીનાર એમ બે બેઠક પરઆપનો કબજો રહ્યો છે.

ભાણવડ તાલુકા પંચાયતની ૧૬ પૈકી ૧૪ બેઠક ભાજપના ફાળ ચોખંડા અને કાટકોલા એમ બે બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિજેતા બન્યા છે. ૨૪ બેઠક ધરાવતી કલ્યાણપુર તાલુકા પંચાયતમાં ૧૧ સભ્યો સાથે કોંગ્રેસનો હાથ ઉપર રહ્યો છે. જ્યારે ભાજપના ૯ અને આમ આદમી પાર્ટીના ૪ ઉમેદવારો વિજેતા બન્યા છે.

દ્વારકા જિલ્લાની ૪ તા.પં.ની ૮૦ બેઠકો: ભાજપ - ૬૧, કોંગ્રેસ- ૧૧, આપ-૮

તા.પં.	બેઠકો	ભાજપ	કોંગ્રેસ	અન્ય
ભાણવડ	૧૬	૧૪	૦	૨આપ
કલ્યાણપુર	૨૪	૯	૧૧	૪આપ
ખંભાળિયા	૨૪	૨૨	૦	૨આપ
દ્વારકા	૧૬	૧૬	૦	૦

જામરાવલ નગરપાલિકાની ૨૪માંથી ૨૧ બેઠક પર કોંગ્રેસનો કબજો

જામરાવલ, તા.૨૮

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જ્યાંચારેકોર ભાજપનાંવિજય વાવટા લહેરાયા છે ત્યારે જામરાવલ નગરપાલિકામાં ભાજપને ભારે પછડાટ મળી છે. કુલ ૬ વોર્ડની યોજાયેલી ૨૪ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસે ૨૧ બેઠક પર વિજય મેળવ્યો છે. ત્યારે એક માત્ર વોર્ડ નં.ત્રણમાં ભાજપનાં ત્રણ સભ્યો ચૂંટાયા છે. નગરપાલિકાની રચના થયા બાદ ભાજપને સૌથી ઓછી બેઠક આ વખતની ચૂંટણીમાં મળી છે. ૨૪ બેઠકોમાંથી ચૂંટાયેલા ૧૯ સભ્યો કોળી જ્ઞાતિના છે જ્યારે પાંચ સભ્યો અન્ય જ્ઞાતિના છે જ્યારે પાંચ સભ્યો અન્ય જ્ઞાતિનાં છે. ચૂંટણી લડવામાં કોંગ્રેસનાં ઉમેદવારોએ એકતા દર્શાવી હોવાથી પેનલ ટુ પેનલ વિજય મેળવ્યો છે.

મોવિયા જિ.પં.માં 'આપ'ના મહિલા ઉમેદવાર વિજયી

ગોંડલ તા.પં.ની ૨૨માંથી ૧૮ બેઠક પર કમળ ખીલ્યું : 'આપ'ને ચાર, કોંગ્રેસ સાફ

ગોંડલ, તા.૨૮

ગોંડલ તાલુકા પંચાયતની ચૂંટણીનાં પરીણામ જાહેર થતા ભાજપે તાલુકા પંચાયતમાં સતા જાળવી રાખી છે. જ્યારે કોંગ્રેસનાં સૂપડા સાફ થઈ ગયા છે, તો 'આપ'નાં ઉમેદવારે ભાજપ પાસેથી બેઠક આંચકી લીધી છે.

તા.પં.ની ૧૭ બેઠક પર ભાજપ, ચાર બેઠક પર 'આપ'નાં ઉમેદવારોએ અપસેટ સર્જ્યો

તાલુકા પંચાયતની કુલ બાવીસ બેઠકો પૈકી દાળીયા બેઠક ભાજપને બીનહરીફ મળી હતી. ત્યારે ૨૧ બેઠકોની યોજાયેલી ચુંટણીમાં ભાજપનો ૧૭ બેઠક ઉપર વિજય થયો છે. જ્યારે તાલુકાનાં રાજકારણમાં પ્રથમવાર એન્ટ્રી મારનાર આમ આદમી પાર્ટીને ચાર બેઠક મળી છે. ત્રિપાંખીયા જંગમાં કોંગ્રેસ ત્રીજા ક્રમે ધકેલાઈ છે. વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં તમામ ૨૨ બેઠકો ભાજપે અંકે કરી હતી. આ ચૂંટણીમાં ભાજપની ચાર બેઠકો ઓછી થઈ છે.

મોટો અપસેટ જિલ્લા પંચાયતની બેઠકોમાં સર્જાયો છે. ગોંડલ તાલુકાનાં રાજકારણનું એપી સેન્ટર ગણાતા મોવિયા જિલ્લા પંચાયત બેઠકમાં ભાજપનાં ધુરંધર રાજુભાઈ ડાંગરની હાર થઈ છે. આ બેઠક ઉપર આપનાં આરતીબેન જેતાણીનો વિજય થયો છે. રાજુભાઈ ડાંગર જિલ્લા પંચાયતનાં પૂર્વ ઉપપ્રમુખ છે.

જિલ્લા પંચાયતની અન્ય દેરડી, ચરખડી, કોલીથડ અને શિવરાજગઢ બેઠક ઉપર ભાજપનો વિજય થયો છે.

તાલુકા પંચાયતની આંબરડી, કોલીથડ, શેમળા, ચરખડી, ગોમટા, નવાગામ, ત્રાકુડા, દેરડી, કેશવાળા, મોટીખીલોરી, શિવરાજગઢ, દેવચડી, ગુંદાળા, કમઢીયા, શ્રીનાથગઢ, મોવિયા-૨ તથા દડવા હમીરપરાની બેઠકો ઉપર ભાજપનાં ઉમેદવારો વિજયી બન્યા છે. જ્યારે ઘોઘાવદર, મોવિયા-૧, વાંસાવડ તથા સુલતાનપુર બેઠકો ઉપર આપનાં ઉમેદવાર વિજયી બન્યા છે.

કોરિડોર બનાવવાની નક્કર કામગીરીને બદલે માત્ર મોટા દાવાઓ

વન્યજીવોના લોહીથી ખરડાયા હાઈ-વે વધુ એક માર્ગ અકસ્માતમાં દીપડાનું મોત

જૂનાગઢ, તા.૨૮

જંગલ વિસ્તારો ટૂંકા પડી રહ્યા છે અને વન્યપ્રાણીઓ રેવન્યુ વિસ્તારમાં વસવાટ કરવા મજબૂર બન્યા છે ત્યારે તેમની સુરક્ષા સામે મોટા પ્રશ્નાર્થી ઉભા થયા છે. આજે મોડી સાંજે સોમનાથ-પોરબંદર કોસ્ટલ હાઈવે પર માંગરોળના લોએજ ગામ નજીક એક અજાણ્યા વાહનની ઠોકરે દીપડાનું કમકમાટીભર્યું મોત નિપજતા વન્યજીવ પ્રેમીઓમાં ભારે નારાજગી વ્યાપી છે.

સોમનાથ-પોરબંદર કોસ્ટલ હાઈવે પર લોએજ નજીક અજાણ્યા વાહનની હડફેટે દીપડાએ જીવ ગુમાવ્યો, વન્યપ્રેમીઓમાં રોષની લાગણી

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ ખોરાક અને રહેઠાણની શોધમાં રેવન્યુ વિસ્તાર સુધી પહોંચી આવેલા આ દીપડાને

હાઈવે પર પૂરઝડપે પસાર થતા કોઈ અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે દીપડાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. હાઈવે પર પડેલા દીપડાના મૃતદેહને જોઈને પસાર થતા વાહનચાલકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે કરોડોના ખર્ચ અને મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે. અગાઉ જાફરાબાદ અને રાજુલા પંથકમાં પણ ટ્રેન અને વાહન અકસ્માતમાં સિંહોના અકાળે મોત થયા છે.

જંગલની બહાર નીકળેલા પ્રાણીઓ માટે રેવન્યુ વિસ્તાર હવે ડેથ ઝોન સાબિત થઈ રહ્યો છે. હાઈવે પર વન્યજીવોની અવરજવર હોવા છતાં વાહનોની ગતિ પર કોઈ અંકુશ રાખવામાં તંત્ર નિષ્ફળ ગયું છે. સ્થાનિક વન્યજીવ પ્રેમીઓમાં આ ઘટનાને પગલે ભારે નારાજગી વ્યાપી છે. તેમનું કહેવું છે કે જો વન વિભાગ ખરેખર ગંભીર હોય તો વન્યજીવોની અવરજવર વાળા હાઈવે પર સ્પીડ બ્રેકર અને સાઈન બોર્ડ મૂકવા જોઈએ. સીસીટીવી ફૂટેજના આધારે દીપડાને કચડી નાખનાર વાહનચાલકને શોધવા માટેની તપાસ શરૂ કરવામાં આવી છે. રેવન્યુ વિસ્તારમાં વન્યજીવોની સુરક્ષા માટે વિશેષ કોરિડોર બનાવવાની દિશામાં નક્કર કામગીરીને બદલે માત્ર મોટા મોટા આયોજનો થાય છે.

રાજુલામાં થયેલી ૯૬ હજારની ચોરીમાં ત્રણ આરોપી પકડાયા

રાજુલા, તા.૨૮

રાજુલાનાં તત્વ જ્યોતિ વિસ્તારમાં થોડા સમય માટે બંધ પડેલા મકાનની ગ્રીલ તોડી હોલમાં રાખેલા થેલામાંથી રૂા.૯૫ હજારની રોકડ તથા બે આઈફોનનાં ચાર્જર મળી કુલ રૂા.૯૬ હજારનાં મુદ્દામાલની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદનાં આધારે તપાસ કરી પોલીસે મહેશ હિતેશ સોલંકી, સાગર જગુભાઈ માળી અને સત્યજિત જગુ ધાખડા (રહે. ત્રણેય રાજુલા)ની ધરપકડ કરી ચોરીમાં ગયેલો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગુનાહિત ઈતિહાસ ધરાવતા ત્રણેય શખ્સોની પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મનપામાં કેસરિયો લહેરાયો, કોંગ્રેસ-આપના સૂપડા સાફ!

જામનગર જિલ્લામાં ભાજપની ગર્જના: ૧૬૦ બેઠકો સાથે વિજય ધ્વજ લહેરાવ્યો

જામનગર,તા.૨૮

જામનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આજે મત ગણતરી કરવામાં આવી હતી, જેમાં જબરા રોમાંચ વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતમાં રોમાંચક પરિણામ આવ્યા હતા. જેમાં ભાજપે વિજય પતાકા લહેરાવી છે. જામનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને મોટાભાગની તાલુકા પંચાયતોમાં ભાજપે પ્રચંડ બહુમતી સાથે સત્તાના સુકાન સંભાળ્યા છે. આ ચૂંટણી પરિણામોમાં ભાજપની રણનીતિ અને નારી શક્તિનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળ્યો છે.

સ્થાનિક સ્વરાજ્યમાં આમઆદમી પાર્ટીને ૨૭, કોંગ્રેસને ૧૧, અપક્ષને ૨ બેઠક મળી, લાલપુર તાલુકા પંચાયતમાં ભાજપ પર ઝાડૂં ફરી વળ્યું

જામનગર મહાપાલિકામાં ભાજપે સાતમી વખત સત્તા જાળવી રાખીને ઈતિહાસ રચ્યો છે. ૧૬ વોર્ડની ૬૪ બેઠકોમાંથી ભાજપે ૬૦ બેઠકો પર જીત મેળવી છે. ૧૯૯૦માં માત્ર ૨૩ બેઠકોથી શરૂ થયેલી સફર આજે ૬૦ બેઠકો સુધી પહોંચી છે. ૧૫ વોર્ડમાં ભાજપે ક્લીન સ્વીપ કરીને પેનલો વિજયી બનાવી છે. વોર્ડ નં.૪માં ભાજપ જાયન્ટ કિલર સાબિત થયું છે. અહીં વર્ષોથી ચાલતા માડમ પરિવારના પરંપરાગત રાજકીય દબદબાનો અહીં અંત આવ્યો છે અને ભાજપની પેનલે ઐતિહાસિક જીત મેળવી છે. વોર્ડ નં.૧૨ એકમાત્ર લઘુમતી વિસ્તાર એવો રહ્યો જ્યાં ભાજપનું ખાતું ખુલ્યું નથી. અહીં કોંગ્રેસ અને આપએ બે-બે બેઠકો મેળવી છે. માત્ર શહેરી જ નહીં, પણ ગ્રામીણ વિસ્તારોમાં પણ ભાજપનો દબદબો યથાવત રહ્યો છે. જેમાં જામનગર જિલ્લા પંચાયતની કુલ ૨૪ બેઠકોમાંથી ભાજપે ૧૯ બેઠકો પર કબજો કર્યો છે. જ્યારે આમ આદમી પાર્ટીએ ૩ અને કોંગ્રેસે ૨ બેઠકો મેળવી છે. નોંધનીય છે કે પીઠડ બેઠક બિનહરીફ થઈ હતી. એ જ રીતે જામનગર જિલ્લાની ૬ તાલુકા પંચાયતોની કુલ ૧૧૨ બેઠકોમાંથી ભાજપે ૮૧ બેઠકો જીતી છે. જેમાં જામનગર (૨૩/૨૬ બેઠક), ધ્રોળ (૧૪/૧૬ બેઠક), જોડીયા (૧૧/૧૬ બેઠક), જામજોધપુર (૧૧/૧૮ બેઠક) અને કાલાવડ (૧૪/૧૮ બેઠક) એમ ૫ તાલુકા પંચાયતોમાં ભાજપે સત્તા હાંસલ કરી છે. લાલપુર તાલુકા પંચાયતની ૧૮માંથી ૧૦બેઠકો જીતીને આમ આદમી પાર્ટીએ ભાજપ પાસેથી સત્તા છીનવી લીધી છે.

ચૂંટણી પરિણામોનું ટૂંકું વિહંગાવલોકન

સ્વરાજ્ય	બેઠકો	ભાજપ	કોંગ્રેસ	આપ
મનપા	૬૪	૬૦	૦૨	૦૨
જિ.પં.	૨૪	૧૯	૦૨	૦૩
તા.પં.	૧૧૨	૮૧	૦૭	૨૨
			અપક્ષ-૦૨	

જેલમાંથી ચૂંટણી લડીને જીતેલા ઉમેદવારના ફોટા સાથે સરઘસ

જામનગર મનપામાં વોર્ડ નં.૧૨માં કોંગ્રેસના ઉમેદવાર અલ્તાફ ખફી અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર અસલમ ખીલજી ગુજસીટોક જેવા ગંભીર ગુનાના આરોપી તરીકે હાલ જેલમાં છે. આમ છતાં આ બંને ઉમેદવારો વિજેતા બન્યા છે. તેમના વિજય સરઘસમાં ઉમેદવારોની ગેરહાજરીમાં તેમના ફોટો-ફ્રેમ અને કટાઉટ રાખીને સમર્થકોએ ઉજવણી કરી હતી, જે જામનગરના ઈતિહાસમાં પ્રથમ ઘટના છે.

મોરબી- લાલપર પાસે કારે હડફેટે યુવતીને ગંભીર ઈજા

મોરબી,તા.૨૮

મુકેશભાઈ દેવજીભાઈ પરમારની પુત્રી માનસી વાંકાનેર મોરબી હાઈ-વે રોડ લાલપર ગામ પાસે કામ કરવા જતી હતી તે દરમિયાન બાપા સીતારામ મઢુલી સામે પહોચતા કારચાલક દેવભાઈ હરેશભાઈ કાગડાએ ગફલતભરી રીતે કાર ચલાવીમાનસીને ઠોકર મારતાગંભીર ઈજાઓ પહોચી હતી.પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે કાર ચાલકને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.

लग्न प्रसंग
લગ્ન પ્રસંગ સ્પે. કલેક્શન સેલ
સેલ ફક્ત ૫ દિવસ
તા. ૨૯,૩૦-એપ્રિલ & ૧,૨,૩ મે- ૨૦૨૬
ફુલ ડિસ્કાઉન્ટ સેલ
સ્પે. રાજસ્થાની દરબારી એક્ઝીબીશન કમ સેલ
મારવાડા પોશાક, સાડી, ચણીયા ચોલી, રાજસ્થાની જવેલરી અને રાજસ્થાની ચુડાસેટ વગેરે મળશે.
દરબારી સાડી સ્ટાર્ટીંગ રૂા. ૫૦૦ માં બે નંગ | રજવાડી પોશાક સ્ટાર્ટીંગ રૂા. ૧૦૦૦ | દરબારી ચણીયા ચોલી સ્ટાર્ટીંગ રૂા. ૧૦૦૦
રાજસ્થાની દરબારી પરિધાનમાં અઢળક નવી વેરાઈટીના કલેક્શન સાથે ધુમ મચાવવા ફરી વાર રાજકોટ શહેરમાં આવી ગયા છીએ...
ભગવતી હોલ | રેલનગર, ૮૦ ફુટ મેઈન રોડ, અર્પણ પાર્ક-૧, રાજકોટ,મો. ૮૨૦૯૫ ૭૮૪૯૧

बैंक ऑफ़ इंडिया Bank of India BOI

સોરઠીયાવાડી શાખા : ૮૦ ફુટ રોડ, સોરઠીયાવાડી સર્કલ, રાજકોટ - ૩૬૦૦૦૨

કુરીયર/ રજી. પોસ્ટ એડી દ્વારા

પ્રતિ,
(૧) વિધાતા પ્લાસ્ટ સોર્ટ (પ્રોપરાઈટર સંઘાણી વિશાલ ચંદુભાઈ)
સરનામું : આર. કે. ઈન્ડસ્ટ્રીયલ ઝોન ૯, પ્લોટ નં. ૯, રાણપુર, કુવાડવા, વાંકાનેર હાઈવે, રાણપુર, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૨૩
(૨) સંઘાણી વિશાલ ચંદુભાઈ
(૩) સંઘાણી ભારતીબેન ચંદુભાઈ (જામીનદાર અને મોર્ગેજર)
ક્રમ નં. ૨ અને ૩ નું સરનામું : આસોપાલવ પાર્ક-૩, શેરી નં. ૫, સાઈબાબા સર્કલ પાસે, રોલેક્ષ રોડ, કોઠારીયા રોડ, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૨૨

સાહેબશ્રી/ મેડમ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના કલમ ૧૩(૨) ના વંચાણ હેઠળની નોટીસ

તમારી લોન લેનાર કંપનીની વિનંતી પર, બેંકે તમને કુલ રૂા. ૧,૭૫,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ પંચોતેર લાખ) ની વિવિધ ક્રેડિટ સુવિધાઓ મંજૂર કરી છે. આ નોટિસની તારીખે અમારા દ્વારા આપવામાં આવેલી વિવિધ ક્રેડિટ સુવિધાઓ અને તેના હેઠળ બાકી લેણાંની વિગતો અમે અહીં આપીએ છીએ.

ફેસેલીટીનો ગુણ અને પ્રકાર	મંજુરીની રકમ	નોટિસની તારીખથી કુલ બાકી લેણી રકમ	એન.પી.એ. ની નોટિસની તા.૦૫.૦૪.૨૦૨૬ થી નોટિસની તા. અર્થાત તા. ૧૫.૦૪.૨૦૨૬ સુધીનું લાગુ પડેલ વ્યાજ	તા. ૧૫.૦૪.૨૦૨૬ ના રોજ ચૂકવવા પાત્ર કુલ રકમ/ બાકી લેણા
કેશ ક્રેડીટ (ખાતા નં. ૩૧૦૪૩૦૧૧૦૦૦૦૨૪૫)	રૂા. ૧,૦૦,૦૦,૦૦૦	રૂા. ૧,૦૨,૦૬,૨૭૪.૧૩	રૂા. ૨૫,૪૧૩	રૂા. ૧,૦૨,૩૧,૬૮૭.૧૩
ટર્મ લોન (ખાતા નં. ૩૧૦૪૭૦૨૧૦૦૦૦૨૨૧)	રૂા. ૭૫,૦૦,૦૦૦	રૂા. ૩૫,૦૯,૧૧૨.૪૩	રૂા. ૧૫,૯૩૭	રૂા. ૩૫,૨૫,૦૪૯.૪૩
કુલ	રૂા. ૧,૭૫,૦૦,૦૦૦	રૂા. ૧,૩૭,૧૫,૩૮૬.૫૬	રૂા. ૪૧,૩૫૦	રૂા. ૧,૩૭,૫૬,૭૩૬.૫૬

એન.પી.એ. ની તારીખ અનુસારની લેણી રકમ અર્થાત તારીખ ૦૫.૦૪.૨૦૨૬ના રોજના રૂપિયા ૧,૩૭,૬૩,૪૯૨.૮૧/-

૨.બેંક દ્વારા આપવામાં આવેલી ઉપરોક્ત ક્રેડિટ સુવિધાઓ નીચેની સંપત્તિઓ/ સિક્યોરિટીઝ (બેંકને વસુલવામાં આવતી મિલકતો/ સંપત્તિઓના ચોક્કસ ભાગો) દ્વારા સુરક્ષિત છે :

સિક્યોરિટીઝ :
(૧) ઈક્વીટેબલ મોર્ગેજ કરેલ જમીન અને બિલ્ડીંગ : જે પ્લોટ નં. ૩૦ નો વિસ્તાર ૬૬.૦૦ સ્કે.મી. 'આસોપાલવ પાર્ક-૩'તરીકે ઓળખાતો વિસ્તાર, રે.સ. નં. ૧૭૭/ ૪ અને ૧૭૭/ ૫ પૈકી, ૧-૨-૩ પૈકી, ગામ કોઠારીયા, રાજકોટ શહેર, ગુજરાત રાજ્ય, રાજકોટ - ૩૬૦૦૨૨ ખાતે સ્થિત છે. જે શ્રીમતી ભારતીબેન ચંદુભાઈ સંઘાણી (જામીનદાર અને મોર્ગેજર) ના નામની છે. ચર્તુસિમા નીચે મુજબ છે : ઉત્તર : પ્લોટ નં. ૩૧, દક્ષિણ : પ્લોટ નં. ૨૯, પૂર્વ : ૭.૫૦ મી. પહોળો રસ્તો, પશ્ચિમ : પ્લોટ નં. ૨૧
(૨) હાઈપોથીકેશન કરેલ પ્લાસ્ટિક મટીરીયલનો સ્ટોક, એચડીપીઈ, પીપીસીપી, પીવીસી અને કાચા માલનો સ્ટોક દા.ત. પ્લાસ્ટીક વેસ્ટ જે (૧) આર. કે. ઈન્ડસ્ટ્રીયલ ઝોન ૯, પ્લોટ નં. ૯, રાણપુર, કુવાડવા, વાંકાનેર હાઈવે, રાણપુર, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૨૩ ખાતે આવેલ છે.
(૩) કંપનીના બુક ડેબ્ટ અને દેવાદારો પરનું હાઈપોથીકેશન
(૪) કંપની ખાતે આવેલ અને જોડાયેલ પ્લાન્ટ અને મશીનરીઝનું હાઈપોથીકેશન : જે (૧) આર. કે. ઈન્ડસ્ટ્રીયલ ઝોન ૯, પ્લોટ નં. ૯, રાણપુર, કુવાડવા, વાંકાનેર હાઈવે, રાણપુર, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૨૩ ખાતે સ્થિત છે.

૩. તમારી વારંવારની નિષ્ફળતાને કારણે તમારા લોન એકાઉન્ટને સમયાંતરે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જારી કરેલ માર્ગદર્શક સંહિતા અને સૂચના મુજબ તારીખ ૦૫.૦૪.૨૦૨૬ થી નોન પરફોર્મિંગ એસેટ્સ (એન.પી.એ.) તરીકે વર્ગીકૃત કરેલ છે. અમારી વારંવારની વિનંતીઓ તથા માંગણીઓ હોવા છતાં તમે લોનના બાકી લેણા તથા તેના ઉપર લાગુ વ્યાજની ચૂકવણી કરેલ નથી.

૪. ઉપરોક્ત દર્શાવેલ વિવિધ સીક્યુરિટીઝ દ્વારા સુરક્ષિત રૂપે સીકયોર્ડ ક્રેડીટ ફેસીલીટીઝ અને તમારા ખાતાને નોન પર્ફોર્મિંગ એસેટ્સ તરીકે વર્ગીકૃત કરવા સંબંધી તમારી જવાબદારીઓને પહોંચી વળવા માટેની નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને, અમે સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના કલમ ૧૩ ના પેટા કલમ (૨) અનુસાર નોટિસ આપીએ છીએ અને તમને સંપુર્ણપણે બેંક તરફી તમારી જવાબદારીઓ સ્વરૂપે ઉપર જણાવ્યા અનુસાર બાકી લેણી રકમ રૂા. ૧,૩૭,૫૬,૭૩૬.૫૬/- (રૂપિયા એક કરોડ સાડત્રીસ લાખ છપ્પન હજાર સાતસો છત્રીસ અને છપ્પન પૈસા પુરા) (નોટીસની તારીખથી બાકી લેણી રકમ) સાથે તેના ઉપરનું લાગુ વ્યાજ @ ૧૦.૫૯% લેખે વાર્ષિક દરે માસિક લેખે સંયુક્ત વ્યાજ અને તમામ કોસ્ટ, ચાર્જીસ અને બેંક દ્વારા થનારા ખર્ચાઓ સહિતની રકમ, આ નોટિસની તારીખથી સાંઈઠ (૬૦) દિવસની અંદર ચૂકવવાનું જણાવીએ છીએ. અમે વધુમાં જણાવીએ છીએ કે વ્યાજ સાથેની કુલ રકમની ચૂકવણીમાં કસુરવાર થયે, અમે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના સેક્શન ૧૩ હેઠળના તમામ અથવા કોઈપણ અધિકારોનો ઉપયોગ કરવા સ્વતંત્ર રહેશું, જેની નોંધ લેશો.

૫. અમે તમને ઉપરોક્ત સમયગાળાની અંદર બેંકને આપેલી બધી બાકી રકમ, લાગુ વ્યાજ, ચુકવણી સુધી બેંક દ્વારા કરવામાં આવેલા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ ચૂકવીને અને (આજ સુધી સરફાએસી કાર્યવાહી પર થયેલા ખર્ચને બાદ કરતા) સુરક્ષિત સંપત્તિઓ રિડીમ કરીને ઉપરોક્ત જવાબદારી નિભાવવા માટે આહવાન કરીએ છીએ, પરંતુ કૃપા કરીને મહત્વપૂર્ણ નોંધ લો કે સરફાએસી કાયદાની કલમ ૧૩ (૮) મુજબ, સુરક્ષિત સંપત્તિઓના રિડીમનો અધિકાર ફક્ત જાહેરર હરાજી માટે સૂચના પ્રકાશિત થવાની તારીખ સુધી અથવા સુરક્ષિત સંપત્તિઓના લીઝ, સોંપણી અથવા વેચાણ દ્વારા ટ્રાન્સફર માટે જાહેર અથવા ખાનગી સંધિમાંથી ક્વોટેશન અથવા ટેન્ડર આમંત્રિત કરવાની તારીખ સુધી જ ઉપલબ્ધ રહેશે.

૬. ઉપર દર્શાવેલ સત્તાનો ઉપયોગ કરવાથી પ્રાપ્ત થયેલી રકમો, સૌ પ્રથમ અમારા દ્વારા કરવામાં આવેલ તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચની ચૂકવણીમાં અને/ અથવા તેને લગતા કોઈપણ ખર્ચની ચૂકવણીમાં લાગુ કરવામાં આવશે અને બીજુ ઉપર જણાવ્યા મુજબ બેંકના લેણાંની ચૂકવણીમાં લાગુ કરવામાં આવશે. આ નોટિસની તારીખથી વાસ્તવિક વસુલાતની તારીખ સુધી કરાર આધારિત વ્યાજ અને નાણાના અવશેષો, જો કોઈ હોય તો, બેંકના સમગ્ર લેણા (જેમાં બેંકના તમારા અન્ય બાકી લેણામાના કોઈપણ હેઠળ પછી ભલે તે ઉધાર લેનાર અથવા બાંયધરી તરીકે) સંપૂર્ણ રીતે વસૂલ કરવામાં આવશે, તમને ચૂકવવામાં આવશે.

૭. જો સિક્યોર્ડ અસ્ક્યામતો સામે ઉક્ત સત્તાઓના ઉપયોગ દરમિયાન પ્રાપ્ત થયેલી આવકમાંથી ઉક્ત લેણાં સંપૂર્ણ રીતે વસૂલવામાં ન આવે, તો અમે દેવાની વસૂલાત માટે ટ્રિબ્યુનલ/ કોર્ટ સમક્ષ તમારી પાસેથી આકસ્મિક તમામ ખર્ચ વગેરે તમારી અન્ય સંપત્તિઓમાંથી બાકીની રકમની કાયદેસર/ વસૂલાતની કાર્યવાહી માટે કરવા કરવાનો અમારો અધિકાર અનામત રાખીએ છીએ.

૮. અમે સદરહુ કલમ ની અધિનિયમની પેટા કલમ (૧૩) ને ધ્યાનમાં રાખીને જણાવીએ છીએ કે આ નોટિસ મળ્યા પછી તમે અમારી અગાઉની લેખિત સંમતિ પ્રાપ્ત કર્યા વિના (વ્યાવસાયિક જરૂરિયાત સિવાય) સુરક્ષિત મિલકતોમાં કોઈને પણ વેચાણ, લીઝ, લાયસન્સ, ભેટ દ્વારા અથવા ગીરો અથવા અન્યથા રીતે ટ્રાન્સફર કરવા માટે પ્રતિબંધિત છો.

૯. નીચે હસ્તાક્ષર કરનાર આ નોટિસ જારી કરવા અને ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩ હેઠળ સત્તાનો ઉપયોગ કરવા માટે બેંકના યોગ્ય રીતે અધિકૃત અધિકારી છે.

૧૦. કૃપા કરીને નોંધ લેશો કે, આ માંગણા નોટિસ તમને પ્રાપ્ય કોઈપણ અન્ય અધિકારો કે ઉપાયોના પૂર્વગ્રહ વગરની છે, મર્યાદા વિના સહિત, અમારા દ્વારા બાકી રકમની માંગણી કરવાનો અધિકાર અનામત રહેશે.

સ્થળ : સોરઠીયાવાડી, રાજકોટ | સહી/- ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી,
તારીખ : ૧૫.૦૪.૨૦૨૬ | બેંક ઓફ ઈન્ડિયા, સોરઠીયાવાડી શાખા

(આ નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

InCred finance
ઈન્ક્રેડ ફાઈનાન્શિયલ સર્વિસિસ લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફિસ: યુનિટ નં. ૧૨૦૩, ૧૨મો માળ, બી વિંગ, ધ કેપિટલ, પ્લોટ નં. સી-૭૦, જી બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, મુંબઈ, મહારાષ્ટ્ર, ભારત - ૪૦૦૦૫૧
CIN: U67190MH1995PLC360817 | ટેલિફોન: ૧૮૦૦-૧૦૨-૨૧૯૨
ઈમેઈલ: care@incred.com | વેબસાઈટ: www.incred.com

સૂચના

આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ - બ્રાન્ચ ઓથોરાઈઝેશન) દિશાનિર્દેશો, ૨૦૨૫ ના નિયમન ૧૧ મુજબ, સમયાંતરે સુધારેલા, દુકાન નં. ૩૨, બીજો માળ, સિટી સેન્ટર, સ્વામીવિવેકાનંદ રોડ, ઓમ શોપિંગ સેન્ટરની બાજુમાં, રવાપર રોડ, મોરબી ગુજરાત - ૩૬૩૬૪૧ પર સ્થિત કંપનીની શાખા કચેરી તા. ૩૧-૦૭-૨૦૨૬ ના કાર્યકારી કલાકો બંધ રહેશે. જો કોઈ સહાયની જરૂર હોય, તો તમે ૧૮૦૦-૧૦૨-૨૧૯૨ પર સંપર્ક કરી શકો છો અથવા care@incred.com પર ઈમેઈલ મોકલી શકો છો. આ સૂચના કંપનીની વેબસાઈટ (www.incred.com) પર એક્સેસ કરી શકાય છે.

ઈન્ક્રેડ ફાઈનાન્શિયલ સર્વિસિસ લિમિટેડ માટે
તારીખ: ૨૮-૦૪-૨૦૨૬ | સહી/-
અધિકૃત હસ્તાક્ષરી

CUSHMAN & WAKEFIELD | AUTHORIZED TRANSACTION MANAGERS
AVAILABLE FOR SALE
Institutionally Owned Office Space
Key Highlights:
- Super Built-Up Area: ~634.7 square meters (~6,832 square feet)
- Outright Sale (As-Is-Where-Is basis)
- Strategically located in Ahmedabad's prime Ambawadi location
- Excellent connectivity to all major locations across the city
- Address: Office No. 203/204, Abhishree Avenue, Near Nehru Nagar Circle, S. M. Road, Ambawadi, Ahmedabad - 380015

For further details, please contact:
Rakesh Paradava +91 78787 92012 rakesh.paradava@cushwake.com
Tarang Bhatia +91 99988 86765 tarang.bhatia@cushwake.com
Cushmanwakefield.com

GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED
(SPV of Govt. of India and Govt. of Gujarat)
Block No.1, First Floor, Karmayogi Bhavan, Sector 10/A, Gandhinagar: 382010, Gujarat. (CIN): U60200GJ2010SGC059407
આપણી મેટ્રો

TENDER NOTIFICATION No.: GMRC/Surat/Facility Management/2026
Dated : 29.04.2026

E-Tender is invited from reputed and experienced agencies for the following tender :

Tender Name	Tender Fees
"Tender for Providing Facility Management, housekeeping services including housekeeping materials for Surat Office of GMRC Ltd"	INR 5,000/-

Interested bidders are requested to visit **https://tender.nprocure.com** for eligibility criteria, applying/ downloading the tender document. **The last date and time for Bid Submissions of Tender is 15:00 Hrs on 20.05.2026.** Any alterations in Eligibility Criteria and terms of the Tender Document, or any amendment to the Tender Document, etc, will be uploaded on **https://tender.nprocure.com** and GMRC's Website **www.gujaratmetrorail.com** without any obligation or press notification or other proclamation.

I/C Executive Director, Surat

કુવાડવા (રાજકોટ) સ્થિત પ્રા.લી. કંપની માટે
સ્ટાફ જોઈએ છે

VMC ઓપરેટર	પગાર : 22,000 - 28,000	3
CNC ઓપરેટર	પગાર : 20,000 - 25,000	4
લેથ કારીગર	પગાર : 18,000 - 22,000	5
QC ઈન્સ્પેક્ટર	પગાર : 20,000 - 25,000	3
હેલ્પર	(લાયકાત મુજબ)	10

રસ ધરાવતા ઉમેદવારે ઈન્ટરવ્યુ માટે અરજી સાથે તા.30/04/2026 થી તા.05/05/2026 સુધીમાં રૂબરૂ મુલાકાત કરવી
કોલ/મુલાકાત કરવા માટેનો સમયઃ સવારે 10:00 થી સાંજે 5:00
આટકોટીયા એન્જીનીયરીંગ વર્કસ પ્રા.લી.
પ્લોટ નં. 1 થી 7, રે.સ.નં. 296/પૈ.2, કુવાડવા-વાંકાનેર રોડ, જીયાણા, રાજકોટ - 360023 ● મો. 93288 36822

નાના મૌવા રોડ | સાધુવાસવાણી રોડ
CREATION MUSIC INSTITUTE
SINCE 1994
KEYBOARD | GUITAR | PIANO
SINGING | DRUMS | OCTOPAD
CALL : 99786 44004

AC/NON AC સીટીંગ- સ્લીપર બસ એપ્રિલ-મે પ્રવાસ
ચારધામ (બદ્રિ-કેદાર, યમનોત્રી-ગંગોત્રી) | કાશ્મીર (શ્રીનગર-વૈષ્ણોદેવી) | નેપાળ (ગંગાસાગર-જગન્નાથપુરી)
હરિદ્વાર (મથુરા-મસુરી) | અયોધ્યા (હરીદ્વાર-કાશી) | મનાલી (સિમલા-ડેલ્હાઉસી)
અમરનાથ- શ્રીનગર- વૈષ્ણોદેવી- દિ:૧૩- તા.૧૨ જુલાઈ
કપલદિઠ હોટેલ રૂમ, બ્રેકફાસ્ટ, લંચ, ડીનર, ૧૦ વર્ષ સુધીના બાળકો ફ્રિ
સાગર ટ્રાવેલ્સ/સાગર હોલીડેઝ-રાજકોટ
M: 94260 20210 / 94260 20390

ચોકશ ઉપડશે
હરીદ્વાર, ચારધામ, યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ
જુનાગઢ થી જુનાગઢ
સવારે નાસ્તો, બેટાઈમ જમવાનું
૪ વ્યક્તિ વચ્ચે રૂમ રાત્રી રોકાણ માટે
સ્લીપર કોચ બસ દ્વારા
૧૮ - દિવસ તા.૨-૫-૨૦૨૬
અશ્વિન પટેલ- જૂનાગઢ મો. 97257 85727

સ્પે.સ્લીપર-સીટીંગ બસ પ્રવાસો
ગુજરાત સરકાર LTC માન્ય કંપની

કાશ્મીર	અમૃતસર જોધપુર	દિવસ 12
મનાલી	સિમલા-અમૃતસર આગ્રા-દિલ્હી	દિવસ 12
ગોવા	મહાબળેશ્વર લોનાવાલા	દિવસ 5/8
ચારધામ	ગંગોત્રી-યમનોત્રી બદ્રિ-કેદારનાથ	દિવસ 15
નૈનીતાલ	હરિદ્વાર વૃંદાવન	દિવસ 8/13
અયોધ્યા	વારાણસી પ્રયાગરાજ	દિવસ 10
સિક્કીમ	દાર્જીલીંગ ગંગટોક	દિવસ 14
નેપાળ	કાઠમંડુ પોખરા	દિવસ 14
૯ જ્યોર્તિલીંગ	દક્ષિણ ભારત	દિવસ 18
બેંગ્લોર	મૈસૂર-ઉટી-કુર્ગ કોડાઈકેનાલ	દિવસ 13
કેરાલા	મૂન્નાર થેકકડી	દિવસ 13

રાજકોટ થી રાજકોટ, હોટેલ, સાઈટસીન, ગુજરાતી રસોડુ
83479 96999
83479 94999
મવડી ચોકડી, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ
KESAVI Tours & Travels Pvt. Ltd.
મોરબી: 95745 94999